દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ


શનિવાર ૬ ડિસેમ્બર, ૨૦૨૫

# અણઘડ નિર્ણય લઈને દેશમાં વિમાની સેવામાં અંધાધૂંધી સર્જનાર ડીજીસીએ સામે કાર્યવાહી જરૂરી

ભારતમાં એવિએશનના ઈતિહાસમાં જે સ્થિતિ હાલમાં સર્જાઈ છે તેવી ક્યારેય સર્જાઈ નહોતી. ડીજીસીએ તાજેતરમાં એવો નિર્ણય લીધો હતો કે દરેક ક્રુ મેમ્બરને જે તે એરલાઈન્સે સપ્તાહમાં 48 કલાક આરામ આપવો પડશે. આ નિયમને કારણે વિવિધ એરલાઈન્સમાં પાયલોટ અને સ્ટાફની અછત ઊભી થવા પામી હતી. ભારતમાં 60 ટકા ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ઈન્ડિગો ચલાવતું હોવાથી આની સૌથી મોટી અસર ઈન્ડિગો પર થવા પામી હતી. છેલ્લા 4 જ દિવસમાં ઈન્ડિગોની 1200થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ થઈ ગઈ હતી. આખા દેશમાં વિમાની મુસાફરોમાં અંધાધુંધી થઈ ગઈ હતી. લોકો પોતાના નિયત ગંતવ્ય સ્થળો પર પહોંચી શક્યા નહોતા. એક યુગલે તો પોતાના જ રિસેપ્શનમાં ઓનલાઈન હાજરી આપવી પડી હતી. આ સ્થિતિને જોઈને આખરે ડીજીસીએ પોતાનો અગાઉનો આદેશ પરત ખેંચવો પડ્યો છે. ડીજીસીએએ 1 નવેમ્બરથી પાઈલટ્સ અને અન્ય ક્રૂ મેમ્બર્સના કામ સાથે સંકળાયેલા નિયમો, ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશનનો બીજો તબક્કો લાગુ કર્યો હતો.

આ બીજા તબક્કાના નિયમોમાં, એરલાઈન કંપનીઓ માટે પાઈલટ્સને અઠવાડિયામાં 48 કલાક આરામ, એટલે કે બે દિવસનો સાપ્તાહિક આરામ આપવો ફરજિયાત બનાવ્યો હતો. આ સમયગાળા દરમિયાન કોઈ પણ રજાને સાપ્તાહિક આરામ ગણવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ડીજીસીએએ પાઈલટ્સ અને અન્ય ક્રૂ મેમ્બર્સની સતત નાઈટ શિફ્ટ પર પણ પ્રતિબંધ લગાવ્યો હતો. જેને કારણે મોટી સમસ્યા સર્જાવા પામી હતી. ઈન્ડિગો એરલાઈન ભારતમાં દિવસ દરમિયાન લગભગ 2,300 સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. આ સંખ્યા એર ઈન્ડિયા દ્વારા એક દિવસમાં સંચાલિત ફ્લાઈટ્સ કરતાં લગભગ બમણી છે. ઈન્ડિગોમાં છેલ્લા મહિનાથી ક્રુની અછત ચાલી જ રહી હતી. તેમાં આ નવા નિયમોએ મોટી મુશ્કેલી સર્જી હતી. નવેમ્બરમાં તેની 1232 ફ્લાઈટ્સ રદ થઈ હતી. મંગળવારે 1400 ફ્લાઈટ્સ મોડી પડી હતી. ઈન્ડિગોનું કહેવું છે કે નવા ફ્લાઈટ ટાઈમ લિમિટેશન નિયમોને કારણે પાઈલટ અને ક્રૂની અછત થઈ છે. ક્રૂ માટે 24 કલાકમાં 10 કલાક આરામનો સમય રાખ્યો છે. બુધવારે પણ ઈન્ડિગોની 200થી વધુ ફ્લાઈટ્સ પર અસર પડી હતી. જેને કારણે શુક્રવારે આખરે ડીજીસીએ દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં નાગરિક ઉડ્ડયન મંત્રી રામ નાયડુ, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને ઈન્ડિગોના ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. રામ મોહન નાયડુએ બાદમાં ગૃહમંત્રી અમિત શાહને માહિતી આપી હતી અને બાદમાં ડીજીસીએ દ્વારા આ રોસ્ટરનો નિયમ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. ડીજીસીએ દ્વારા પોતાનો જ નિર્ણય પરત લઈ લેવામાં આવ્યો પરંતુ છેલ્લા પાંચેક દિવસ દરમિયાન વિમાની મુસાફરી કરવા માંગતા જે લોકોએ ભયંકર ત્રાસ ભોગવવો પડ્યો તેના માટે જવાબદાર કોણ? ડીજીસીએ તો પોતે હાથ ખંખેરી નાખ્યા અને અનેક લોકોના આયોજનો બરબાદ થઈ ગયા. અનેક લોકોના પ્રવાસો અટવાઈ ગયા. કેટલાયના હનીમૂન રખડી પડ્યા.જેમને જરૂરીયાત હતી તેમણે અનેકગણાં નાણાં ખર્ચવા પડ્યા. ખરેખર તો આ તમામ માટે ડીજીસીએને જવાબદાર ઠેરવવી જોઈએ. ડીજીસીએએ સમજ્યા વિના જ નિર્ણય લઈ લીધો અને આખા દેશમાં ભારે અંધાધૂંધી થઈ ગઈ. ઈન્ડિગો દ્વારા એવી જાહેરાત કરવામાં આવી કે ભલે નિર્ણય પરત લઈ લેવામાં આવ્યો પરંતુ તમામ વિમાની સેવા વ્યવસ્થિત થવામાં 15મી ડિસેમ્બર સુધીનો સમય લાગી શકે છે. ત્યાં સુધી થનારી હેરાનગતિ મુસાફરોએ ભોગવવી પડે તેમ છે. સરકારે આ મુદ્દે તપાસ કરાવવી જોઈએ અને ડીજીસીએને યોગ્ય દંડ કરવો જોઈએ. જો તેમ થશે તો જ હેરાન થયેલા મુસાફરોને ન્યાય મળશે તે ચોક્કસ છે.

## જીવનમાં કેવા બનવું જોઈએ



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આશ્રમમાં અભ્યાસ પૂરો કરીને જઈ રહેલા શિષ્યોનો વિદાય સમારંભ હતો. આજે ગુરુજીનું છેલ્લું પ્રવચન સાંભળવા મળવાનું હતું. બધા શિષ્યો ગુરુજીના શબ્દો સાંભળવા આતુર હતા. ગુરુજીએ કહ્યું, ‘‘શિષ્યો આજે તમારો આશ્રમમાં છેલ્લો દિવસ છે પણ જીવન સંઘર્ષની શરૂઆતનો પહેલો દિવસ છે. તમારા બધાના મનમાં વિચારો હશે, સપનાંઓ હશે કે તમે આગળ શું બનશો ? ચાલો, તમે બધા મને જણાવો.’’

શિષ્યોને સલાહ સૂચન આપવાના સ્થાને ગુરુજીએ તેમને પ્રશ્ન પૂછ્યો. બધા શિષ્યો ઉત્સાહમાં આવી બોલવા લાગ્યા.... કોઈકે કહ્યું અતિ શ્રીમંત બનીશ... કોઈકે કહ્યું સમાજસુધારક બનીશ... અન્યે કહ્યું સૌથી તાકતવર બનીશ... કોઈકે કહ્યું દાનવીર બનીશ... આમ ઘણા જવાબો મળ્યા.

ગુરુજીએ બધાના જવાબ સાંભળ્યા પછી આગળ કહ્યું, ‘‘શિષ્યો, આ બધું તમે તમારાં કાર્યોથી બનશો એટલે કે તમે શું બનશો? આ સવાલનો જવાબ છે પણ આજે હું તમને તમે કેવા બનજો? ની અંતિમ સમજ આપવા માંગું છું. તે ધ્યાનથી સાંભળજો અને તમારા સ્વભાવ અને વર્તનથી એવા બનજો.’’

બધા એક નથી. ગુરુજીના આગળના શબ્દો સાંભળવા તૈયાર થઈ ગયા. ગુરુજીએ કહ્યું, ‘‘તમે તમારાં વાણી, વર્તન, સ્વભાવથી સ્વયં એવાં બનજો કે તમે જ્યાં હો,જેની સાથે હો, કુટુંબમાં, મિત્રવર્તુળમાં બધા તમને પ્રેમ કરે. જ્યાંથી તમે આગળ વધી જાવ કે જ્યાંથી ચાલ્યા જાવ ત્યાં તમને બધા પ્રેમથી યાદ કરે...જ્યાં તમે જાવ ત્યાં બધા તમને પ્રેમથી આવકાર આપે અને જ્યાં હજી તમે પહોંચ્યા ન હો ત્યાં બધા તમારી આતુરતાથી રાહ જુએ. જ્યારે તમે આવી સ્થિતિ નિર્માણ કરી શકો, તેવા બની જશો ત્યારે જીવનમાં ઉચ્ચતમ સફળતા મેળવી છે તેમ સમજજો.’’

એક શિષ્યે પૂછ્યું, ‘‘ગુરુજી, આ ઉચ્ચતમ સફળતા મેળવવા વિચાર, વાણી અને વર્તન કઈ રીતે કેળવવાં પડે?’’

ગુરુજીએ સરસ જવાબ આપ્યો, ‘‘નીચા નમો અને મીઠા બનો. બધાને પ્રેમ અને સન્માન આપો. જો તમે જીવનમાં હંમેશા બધા સાથે મીઠી વાણી રાખી બોલશો,વર્તનમાં નમ્રતા અને સાલસતા રાખશો અને દરેકને સ્મિત સાથે સાથ સહકાર આપતાં રહેશો. યાદ રાખજો, કોઈ વિષે ખરાબ બોલવું નહિ, પાછળથી નિંદા કરવી નહિ, અભિમાન કે ક્રોધમાં કોઈનું અપમાન કરવું નહિ. પ્રેમ અને માન મેળવવા હોય તો પ્રેમ અને સન્માન આપતાં શીખજો તો જરૂર ધીમે ધીમે ઉચ્ચતમ સફળતા મેળવી શકશો.’’ ગુરુજીએ જીવનમાં કેવા બનવું જોઈએ તેની ઉત્તમ સમજ આપી.

# અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુ : ન ભૂતો, ન ભવિષ્યતિ

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

ભારતમાં કેટલાંક મુખ્યમંત્રી એવાં છે કે જેની કોઈ જોડ નથી અને એમનો કોઈ તોડ નથી. કારણ કે એ ખુદ જડતોડમાં પારંગત છે. આવા જ એક અનન્ય મુખ્યમંત્રી છે અરુણાચલના પેમા ખાંડુ. આ માણસના નામે ના ગમે એવા વિક્રમો છે. ૨૦૧૬થી એ મુખ્યમંત્રી છે. સરકાર કોઈ પણ પક્ષની બને, છેલ્લાં ૧૫, ૧૪ વરસથી એ જ મુખ્યમંત્રી છે. એ કોંગ્રેસમાં હતા પછી સ્થાનિક પક્ષમાં જોડાયા અને હવે ભાજપમાં છે. એમણે એક નહિ અનેક પક્ષપલટા કર્યા છે. નીતીશકુમાર તો પલટુરામ તરીકે ખોટા બદનામ થયા બાકી પેમાભાઈની તોલે કોઈ આવે એમ નથી.

પેમાજી ૨૦૧૬માં કોંગ્રેસમાં હતા અને મુખ્યમંત્રી બન્યા. પણ પછી પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલમાં જોડાયા. એમની સાથે ૪૩ ધારાસભ્યોએ પક્ષ બદલ્યો હતો. ૨૦૧૬માં જ એમણે ફરી પક્ષ બદલ્યો અને ભાજપમાં જોડાયા. એમની સાથે ૩૩ ધારાસભ્યો ભાજપમાં જોડાયા અને પેમાજી ફરી સી.એમ. બન્યા. ૨૦૧૯માં એ ભાજપમાં જ રહ્યા. બીજો પક્ષ બદલ્યો નહિ અને ફરી ચૂંટાયા અને આજેય મુખ્યમંત્રી છે. કેટલાંક લોકો સત્તા સાથે જ હોય છે. એમને સત્તા વિના ફાવતું જ નથી. હેમંતા બિસ્વા શર્મા પણ આવું જ નામ છે કે પછી એકનાથ શિંદે કે પછી અજીત પવાર પણ એ જ કેટેગરીમાં આવે. એનાથી પણ બે નામ મહાન છે.

રામવિલાસ પાસવાન કે જે આજે નથી. એ કોંગ્રેસમાં એટલે કે યુપીએ સાથે રહ્યા, મંત્રી રહ્યા અને પછી એનડીએ સાથે રહ્યા અને મંત્રી પણ રહ્યા. એવું જ બીજું એક નામ રામદાસ આઠવલે. આરપીઆઈ - એ એમનો પક્ષ છે અને એ કોંગ્રેસ સાથે પણ હતા અને આજે ભાજપ સાથે છે અને એનડીએ રાજ્ય કક્ષાના મંત્રી પણ છે. એમણે લોકસભામાં ખુલ્લેઆમ કહ્યું હતું કે, હું હમણાં સુધી કોંગ્રેસમાં હતો પણ હવે પવન બદલાયો છે અને હવે હું મોદીજી સાથે છું.

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ તરફ પાછા ફરીએ તો એ દૂધે ધોયેલા ના હોય એ સ્વાભાવિક છે. એમના સામે ભ્રષ્ટાચારના એક નહીં અનેક આક્ષેપો છે. મુખ્યત્વે તેમનાં સગાં-સંબંધીઓની માલિકીની કંપનીઓને સરકારી કોન્ટ્રાક્ટ આપવા સંબંધિત છે. એમના પર આરોપ છે કે પિતાની બીજી પત્ની રિનચિન ડ્રેમા અને તેમના ભત્રીજા ત્સેરિંગ તાશી (જે ધારાસભ્ય પણ છે) ની માલિકીની પેઢીઓને નિયમોનું ઉલ્લંઘન કરીને જાહેર બાંધકામના કોન્ટ્રાક્ટ્સ આપ્યા છે. આવા એક નહિ બેથી ત્રણ ડઝન

**કેટલાંક લોકો સત્તા સાથે જ હોય છે. એમને સત્તા વિના ફાવતું જ નથી. હેમંતા બિસ્વા શર્મા પણ આવું જ નામ છે કે પછી એકનાથ શિંદે કે પછી અજીત પવાર પણ એ જ કેટેગરીમાં આવે**

આરોપો છે.

એન.જી.ઓ. દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજ થઈ છે અને આ મુદ્દે કેન્દ્ર સરકારનું વલણ શું છે? કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે તે આ આરોપોની તપાસ કરી શકે નહીં, કારણ કે કોન્ટ્રાક્ટ્સની ખરીદી અને તેના નિયમો રાજ્યના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું છે કે પ્રધાનો માટેની આચારસંહિતા સ્પષ્ટપણે જણાવે છે કે પ્રધાનોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમનાં પરિવારો સરકારી ટેન્ડરોમાં ભાગ ન લે. કોર્ટે આને અદ્ભૂત સંયોગ કહ્યો છે. રાબેતા મુજબ અરુણાચલ પ્રદેશ સરકારે આ આરોપોને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. એનડીએ દ્વારા એમની સામે પગલાં લેવાશે? રામનામ લ્યો મારા ભાઈ, એવું કાંઈ થવાનું નથી. યેદીયુરપ્પાથી માંડી અજીત પવાર સુધી કાંઈ થયું છે તે હવે થાય!

**ઉપેન્દ્ર કુશવાહના પુત્ર ચૂંટાયા વિના મંત્રી!**

બિહારમાં બધું જબરું બની રહ્યું છે. એન.ડી.એ.ને જે બહુમતી મળી એ ઐતિહાસિક છે અને એ સામે કેટલાય સવાલો પણ છે. નીતીશ સરકાર બન્યા પછીય સવાલો ખતમ થયા નથી. આ સરકારમાં દીપક પ્રકાશ મંત્રી બન્યા છે. કેબીનેટ મંત્રી. એ ચૂંટણી લડ્યા નથી. એમની એક જ લાયકાત છે કે એ રાષ્ટ્રીય લોક મોરચાના સર્વેસર્વા ઉપેન્દ્ર કુશવાહના પુત્ર છે.

આ જ કુશવાહ ભાજપ સામે અને કોંગ્રેસ સામે વંશવાદની વાતો કરતા હતા અને હવે એમણે જ પોતાના પુત્રને મંત્રી બનાવ્યા છે. ઉપેન્દ્ર કુશવાહ પોતે ભૂતકાળમાં સગાંવાદ અને વંશવાદી રાજકારણની વિરુદ્ધ સતત અવાજ ઉઠાવતા રહ્યા છે. તેમણે હંમેશા પરિવારના સભ્યોને રાજકારણમાં લાવવાનો વિરોધ કર્યો છે.

હવે ગળે ના ઊતરે એવી દલીલ કરી રહ્યા છે કે તેમના પુત્રને માત્ર એટલા માટે જ મંત્રી બનાવવામાં આવ્યા નથી કે તે તેમના પુત્ર છે, પરંતુ તેમની પોતાની રાજકીય લાયકાત અને પક્ષ માટેની મહેનતને કારણે આ પદ મળ્યું છે. ભાજપને કે એની કેન્દ્રીય નેતાગીરીને પણ આ સામે વાંધો નથી લાગતો.

કોંગ્રેસ અને વિપક્ષ સામે તો ભાજપ છાસવારે વંશવાદનો આક્ષેપ કરે છે અને એ સાચો પણ છે. પણ પોતાની સરકારમાં બધું ચલાવી લે છે. જો કે, કુશવાહની પાર્ટીમાંથી આ મુદ્દે વિરોધ થયો છે. વિપક્ષી દળોએ આ ઘટનાને વંશવાદના રાજકારણનું ઉત્તમ ઉદાહરણ ગણાવીને કુશવાહ પર આકરા પ્રહારો કર્યા હતા અને કુશવાહનાં સાથીઓએ રાજીનામાં પણ આપ્યાં છે રાજીનામું આપનારા નેતાઓમાં પક્ષના કેટલાક વરિષ્ઠ ઉપાધ્યક્ષો, મહાસચિવો અને અન્ય મુખ્ય પદાધિકારીઓનો સમાવેશ થાય છે. આ નેતાઓએ જાહેરમાં જણાવ્યું હતું કે ઉપેન્દ્ર કુશવાહ હંમેશા વંશવાદી રાજકારણ અને સત્તાના દુરુપયોગની ટીકા કરતા આવ્યા હતા, પરંતુ તેમના તાજેતરના નિર્ણયો તેમના પોતાના સિદ્ધાંતોથી વિરુદ્ધ છે. હવે કુશવાહ માટે એ પડકાર છે કે, પુત્રને વિધાનસભામાં લઈ જાય છે કે, વિધાન પરિષદમાં સ્થાન અપાવે છે. છ માસમાં એ પડકાર પાડવો પડશે.

**બીએલઓનાં મોતનો સિલસિલો ક્યારે અટકશે?**

ઘણાં બધાં રાજ્યોમાં એસઆઈઆર ચાલે છે. એ સામે વિવાદ છે. બંગાળમાં મમતાનો પક્ષ આકરો વિરોધ કરી રહ્યો છે. પણ આ પ્રક્રિયામાં બીએલઓના મોતનો વિવાદ વધુ ગંભીર છે. દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં ૪૦ જેટલા બીએલઓનાં મોત થયાં છે અને એનું કારણ એસઆઈઆરની કામગીરીનું દબાણ ગણાવાય છે. કેટલાંકને હાર્ટ એટેક આવ્યા છે તો કેટલાકે આપઘાત કર્યા છે અને એવા બીએલઓ લખેલી ચિઠ્ઠી કે એમના વિડીયો બહુ વાયરલ થયા છે અને એ હૃદય કંપાવી દેનારા છે. રાજ્ય કે કેન્દ્ર સરકાર આ બાબતે શું કરવા માગે છે એની કોઈ સ્પષ્ટતા નથી.

સુપ્રીમ કોર્ટ આ વિષે કોઈ સંજ્ઞાન લે છે કે નહિ એ જોવાનું છે. એસઆઈઆર સામે કેટલીક અરજીઓ સુપ્રીમમાં પડી છે. એની દલીલો ચાલે છે. બિહારમાં એસઆઈઆર શરૂ થયો ત્યારની અરજીઓનો નિકાલ પણ થયો નથી, ચુકાદો આવ્યો નથી. સ્થિતિ એવી છે કે, વિરોધ કરનારા જાયે તો જાયે કહાં. જવાબદારી જેવી ચીજ ક્યાંય જણાતી નથી. ચૂંટણી પંચ પણ વાહિયાત ખુલાસા કરે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભારત અને રશિયા વચ્ચે મિત્રતાનો નવો અધ્યાય- એક પંથ અનેક કાજ

સમાચાર માધ્યમોમાં જોવાં મળેલાં આ મથાળાં ભલે ચીલા-ચાલુ લાગે પણ આ વખતે સાર્થક અને સચોટ છે. રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતીનની આ વખતની ભારતયાત્રા અનેક અર્થમાં ખરેખર ઐતિહાસિક છે. પુતિનની આ યાત્રા અમેરિકા દ્વારા અનેક દેશો સામે સીમા શુલ્કના ઝીંકાયેલા શસ્ત્ર અને રશિયા સાથે મિત્રતા રાખશો તો જોવા જેવી થશેની બાંય ચડાવી અપાયેલી ધમકી વચ્ચે આવી છે. અને પુતિને અવારનવાર કહ્યું છે, જે તેમણે અહીં ફરી કહ્યું કે આ વખતનું ભારત ૭૭ વર્ષ પહેલાંના ભારત જેવું ન સમજશો. આ વાત આત્મસમર્પણ કરનાર માઓવાદી એમ. વેણુગોપાલરાવે પણ જુદી રીતે કહી છે. એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું કે અમે રાજ્ય (સ્ટેટ)ની શક્તિ ઓછી આંકી. એટલે વિફળ રહ્યા. પુતિન અને રાવની સાથે અમેરિકા સહિતના વિદેશી મીડિયાએ પણ અમેરિકાની ધમકી સામે બાવડા ફૂલાવી ‘જાવ, થાય તે કરી લો’ની સંવાદપટ્ટાબાજી વગર જ પુતિનની ભવ્ય આવભગતને વખાણતા કહ્યું કે હવે ભારત કોઈના દબાણમાં આવે તેમ નથી.

ટ્રમ્પની ધમકીને તાબે ન થઈ “અમે દેશહિતમાં ઝૂકતા નથી” તેવું અગાઉ બોલેલું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાળી બતાવ્યું છે. તો બીજી તરફ, અમેરિકાની દાદાગીરીથી એકલા અટૂલા પડી ગયેલ રશિયાનેય આ પ્રકારના ઉષ્માસભર સ્વાગતની તીવ્ર ઝંખના હતી. વડા પ્રધાન મોદીએ પુતિનના સ્વાગતમાં લાલ જાજમ તો બિછાવડાવી જ પણ સાથે પ્રૉટૉકોલને નેવે મૂકી પોતે સ્વાગત કરવા વિમાન મથક દોડી ગયા અને એક જ કારમાં ત્યાંથી રવાના થયા.

અગાઉ, ચીનમાં શાંઘાઈ સહકાર સંસ્થા (SCO) વખતે મોદીને પુતિને પોતાની કારમાં બેસાડ્યા હતા અને ૪૫ મિનિટ, જેને ખરેખર સામસામે મંત્રણા કહેવાય, તે કોઈ દુભાષિયા વગર કરી હતી. આવું રાજદ્વારી ઈતિહાસમાં જવલ્લે જ જોવા મળતું હોય છે. ભારતમાં વડા પ્રધાન મોદીએ પુતિનને પોતાની કારમાં બેસાડી, પુતિને કરેલી પહલનો ઉષ્માસભર ઉત્તર આપી મિત્રતા મજબૂત કરી છે.

પરંતુ આ મિત્રતા માત્ર વિશ્વને (અમેરિકા વાંચો) દેખાડી દેવા પૂરતી સીમિત નથી. વિશ્વમાં એકલા અટૂલા પડી ગયેલા રશિયાનો હાથ ઝાલી રાખી તેની ગરજનો લાભ ભારતને ન મળે તો આ હાથ ઝાલી રાખવાનો કોઈ અર્થ નથી કારણકે દેશ-દેશના સંબંધમાં મિત્રતા-શત્રુતા આવી લાગણીઓને કોઈ સ્થાન નથી હોતું. સહકાર બંને બાજુએથી હોય તો જ એ દેશને લાભનો સોદો છે. કેવળ વ્યક્તિગત ઈમેજ બિલ્ડિંગ કે ઈમેજને પૂશ કરવાથી દેશને કોઈ લાભ નથી થતો હોતો.

અને રશિયાની ગરજનો ભારતે ફાયદો ઉઠાવ્યો જ છે. ભારત અને રશિયાની આ મંત્રણા માત્ર ‘ખાધું, પીધું, એકબીજાની પીઠ થાબડી ને છૂટા પડ્યા’ જેવી સીમિત નથી. આ મંત્રણામાં સંરક્ષણ, વેપાર, અર્થતંત્ર, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા એમ અનેક ક્ષેત્રે સમજૂતીઓ થઈ છે. ક્રિટિકલ મિનરલ, પરમાણુ ઊર્જા, જહાજ નિર્માણ ક્ષેત્રે પણ રશિયા ભારતને સહયોગ કરશે. ભારતીય કંપનીઓએ રશિયાની URLCHEM સાથે રશિયામાં એક યુરિયા પ્લાન્ટ સ્થાપિત કરવાનો નિર્ણય પણ કર્યો. બંને દેશોએ આર્થિક સહયોગ આગળ વધારવા વિઝન ૨૦૩૦ પર હસ્તાક્ષર કર્યા. બંને દેશો સહ ઉત્પાદન અને સહ નવાચાર બાબતે આગળ વધશે.

રશિયાની શિક્ષણ સંસ્થાનું કાર્યાલય એ સિનર્જી કૉર્પોરેશન અને ઈન્નોપ્રાક્ટિકાનો સંયુક્ત પ્રૉજેક્ટ છે. તેનાથી ભારતના વિદ્યાર્થીઓને રશિયામાં ઉચ્ચ શિક્ષણ મેળવવામાં લાભ થશે. અમેરિકા ભારતીયો માટેનાં દ્વાર ધીમેધીમે બંધ કરી રહ્યું છે ત્યારે વિદેશ ભણવા માગતા ભારતીય વિદ્યાર્થીઓ માટે આ સારા સમાચાર છે. રશિયા ભારતની સૈન્ય શક્તિ મજબૂત કરવા શસ્ત્રો પણ પૂરા પાડતું રહેશે. એટલે કે રશિયા ભારતનો મુખ્ય આધાર તરીકે ચાલુ

**રશિયાએ કહ્યું છે કે તે ભારતમાંથી આયાત વધારવા તૈયાર છે. અમેરિકાના સીમા શુલ્કના નિર્ણયના શસ્ત્રથી ભારતની નિકાસના ફટકો પડ્યો હતો. એટલે તેનું સંતુલન કરવા આ તોડ ભારતને તો કામે લાગશે જ, પણ એકલા અટૂલા પડી ગયેલા રશિયાને યુક્રેઈન યુદ્ધથી આર્થિક રીતે ફટકો પડ્યો છે. તેથી તેને પણ ભારતની એટલી જ આવશ્યકતા છે**

રહેશે.

રશિયાએ કહ્યું છે કે તે ભારતમાંથી આયાત વધારવા તૈયાર છે. અમેરિકાના સીમા શુલ્કના નિર્ણયના શસ્ત્રથી ભારતની નિકાસના ફટકો પડ્યો હતો. એટલે તેનું સંતુલન કરવા આ તોડ ભારતને તો કામે લાગશે જ, પણ એકલા અટૂલા પડી ગયેલા રશિયાને યુક્રેઈન યુદ્ધથી આર્થિક રીતે ફટકો પડ્યો છે. તેથી તેને પણ ભારતની એટલી જ આવશ્યકતા છે. સામા પક્ષે, રશિયા માટે ભારતે પણ કેટલાંક દ્વાર ખોલી દીધાં. રશિયાના પર્યટકો માટે ત્રીસ દિવસના વિઝા આપવા ભારતે જાહેરાત કરી છે. ભારત રશિયા પાસેથી ઈંધણ ખરીદવાનું પણ ચાલુ રાખશે. નવા રૂટ પણ શોધવામાં આવી રહ્યા છે.

હવે બેલારુસથી સામાન સીધો હિન્દ મહાસાગર થઈ ભારત પહોંચશે. ભારતમાં રુસ ટૂડે ચેનલ શરૂ કરાશે. પુતિને જે બીજી વાત કરી તે અમેરિકાના પેટમાં તેલ રેડનારી છે. તેમણે કહ્યું કે બંને દેશો ધીરેધીરે પોતપોતાની મુદ્રા (કરન્સી) માં વેપાર તરફ આગળ વધી રહ્યા છે. અત્યારે ૯૬ ટકા લેવડદેવડ આ રીતે જ થાય છે. આનો અર્થ એ થયો કે બંને દેશો મળીને અમેરિકી મુદ્રા ડૉલરને હાંસિયામાં ધકેલી રહ્યા છે. અમેરિકાની દાદાગીરી જે જોર પર છે તેમાંથી એક આ ડૉલર પણ છે.

દરેક દેશના વડા સાથેની મંત્રણામાં અચૂક ઉઠાવાતો (પાકિસ્તાન પ્રેરિત) ત્રાસવાદનો મુદ્દો ભારતે રશિયા પ્રમુખની ભારતયાત્રામાં પણ ઉઠાવ્યો. વડા પ્રધાન મોદીએ પહલગામ આતંકવાદી આક્રમણની સાથે રશિયામાં ૨૨ માર્ચ ૨૦૨૪ના દિને ક્રૉકસ સભા ગૃહમાં એક સંગીત કાર્યક્રમમાં થયેલા આતંકવાદી આક્રમણને જોડી ભારતના એ દષ્ટિકોણનો પુનઃ ઉચ્ચાર કર્યો કે સારા ત્રાસવાદ અને ખરાબ ત્રાસવાદ જેવું કંઈ નથી હોતું, ત્રાસવાદ ત્રાસવાદ જ હોય છે. પુતિને પણ ત્રાસવાદ સામેની લડાઈમાં રશિયા ભારત સાથે છે તેમ કહ્યું છે. આમ, પુતિનની આ યાત્રાથી એક પંથ અનેક કાજ જેવો ઘાટ ભારત માટે સર્જાયો છે.

- જયવંત પંડ્યા

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સંસદની અંદર બેઠેલાઓ કરડે છે, કૂતરાંઓ નહીં

કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરી સંસદભવનમાં એક રખડતા કૂતરાને સાથે લઈ ગયા હતાં. એમણે એ પછી એક ટીપ્પણી એ પણ કરી હતી કે સંસદમાં બેઠેલાઓ કરડે છે, કૂતરાઓ નહીં. રેણુકા ચૌધરીના સંસદ ખાતેના આવા બાલિશ વર્તનને સંસદભવનની ગરિમાને હાની પહોંચાડવા બરાબર ગણી શકાય. એમણે આવું કરીને સમગ્ર દેશનું અને આપણા બંધારણનું અપમાન કર્યું છે. એમ કહેવામાં કોઈ ભૂલ થતી નથી. કાલે ઉઠીને કોઈ આખલા ઉપર બેસીને સંસદમાં આવે અને કહે કે, આખલો માણસને પછાડતો નથી. પણ સંસદમાં બેઠેલાઓ એક બીજાને પછાડે છે. કોઈ વળી કાળા નાગને કરંડીયામાં સાથે રાખીને સંસદમાં પ્રવેશ કરીને કહે કે ‘મારો નાગ કરડતો નથી, પણ અહિયાં બેઠેલી વ્યકિતઓ કરડે છે આને માણસ ઝેરથી મરી જાય છે. આમ જેને ફાવે એ રીતે સંસદમાં પ્રવેશીને એમની મનઘડત મનોદશા સંસદમાં ઠાલવે, એ સહન થાય એમ ના જ હોય. રેણુકા ચૌધરીએ ઉલટાનું કૂતરાંઓનું અપમાન કર્યું છે. કારણ કે કૂતરાંઓનો સ્વભાવ જ એવો છે કે તેઓ માણસને લાગ મળતાં કરડતાં જ હોય છે.

**કતારગામ, સુરત- બાબુભાઈ નાઈ**

## શાબાશ કુમાર કાનાણી

અખબારી અહેવાલો મુજબ 10 સંસ્થા અને જાગૃત નાગરીકોએ દબાણ અને નશાખોરીની ફરિયાદ કરતા 15 દિવસથી નિકાલ ન આપતા ધારાસભ્યએ લેખિતમાં ઉકેલ લાવવા માંગણી કરતા કાર્યવાહી કરવામાં આવી. સંસ્થાઓ તથા જાગૃત નાગરીકો ફરિયાદ આપે તો ધ્યાન નથી અપાતું, એ વાત પણ ખુલી ગઈ.

આ રીતે ફરિયાદ પર ધ્યાન ન આપે તો જાગૃત નાગરિકોનું મોરલ તુટી જાય છે. કમિશ્નર શ્રીએ પણ ફરિયાદ પર ધ્યાન આપી ચોકસાઈ કરાવી કાર્યવાહી કરવાની ફરજ છે. કાર્યવાહી બાદ ફરીથી આવા ગોરખધંધા ફરી ચાલુ ન થાય તેની પણ તપાસ કરતા રહેવાની સરકારી કર્મચારીઓની ફરજ છે.

**સુરત- કુમુદચંદ્ર-કૃસણમુખ જરીવાલા**

## ચૌટાબજારમાં દબાણ કયારે દૂર થશે?

હાલમાં જ વરિષ્ઠ રાજકારણી અને વર્તમાન સુરત જનરલ હોસ્પિટલના ચેરમેન દ્વારા મ્યુ. કમિશનરને ચૌટાબજારમાંથી કાયમી ધોરણે દબાણ હટાવવા અંગે લેખિત રજુઆત કરવામાં આવી છે જેથી વર્ષો જૂની સુરત જનરલ હોસ્પિટલનું અસ્તીત્વ જળવાઈ રહે જે ત્યાંના રહેવાસીઓના હિતમાં છે.

વરાછામાં યુધ્ધના ધોરણે મનપાના સત્તાધીશો અને પોલીસ તંત્રની મદદથી દબાણ હટાવવાનું અભિયાન સફળતાપૂર્વક પાર પાડયું. જયારે ચૌટાબજારમાં દબાણ ખાતા દ્વારા એકશન રીપોર્ટ બતાવવા પૂરતુંટૂંક સમય માટે જ દબાણ દૂર કરવામાં આવે છે. જેથી પરિસ્થિતિ જેવી હતી તેવી જ યથાવત થઈ જાય છે. ત્યાંના રહેવાસીઓનો પ્રશ્ન એ છે કે ચૌટાબજારમાં કાયમી ધોરણે દબાણ દૂર કરવા અંગે મનપાના સત્તાધીશોને કયુ દબાણ અટકાવે છે એ સમજાતું નથી.

**સુરત - રાજુ રાવલ**

## બોલીવુડમાં મૃત્યુની મોસમ છે

બોલિવુડમાં દિવાળી દરમિયાન કુલ ચાર કલાકારોએ અંતિમ વિદાય લીધી. સૌથી પહેલા જાણીતા બે હાસ્ય કલાકારો અસરાની, સતીષ શાહ ગયા. પોતાની વિશિષ્ટ કલાથી આ બંને અભિનેતાએ દર્શકોના દીલ જીતી લીધા. અસરાની અંગ્રેજો કે જમાને કે સિપાહી હૈ આ સંવાદથી હાસ્યની ભૂમિકા દ્વારા છવાઈ ગયા. નાના પરદા પરક સતીષ શાહને બેહદ લોકપ્રિયતા મળી. બાદમાં વિતેલા જમાનાની બેહતરીન અભિનેત્રી કામિની કૌશલે 98 વર્ષની પાક વયે વિદાય લીધી. એક બહેનના યુવાનીમાં થયેલા અવસાન બાદ એના પરિવારની સંસારસની જવાબદારી માથે ઉપાડી લીધી. આજીવન કુંવારા રહ્યા. મનોજકુમારની માતા તરીકેની શહીદ ફિલ્મ અને ઉપકાર ફિલ્મની ભૂમિકા ભુલાય એમ નથી. અંતમાં જેમની પહેચાન એક ધર્માત્મા સમાન હતી એવા હીમેન ધર્મેન્દ્રે 24મી નવેમ્બરે આ જગતમાંથી 89 વર્ષની વયે વિદાય લીધી. બંને પરિવારની જવાબદારી સુપેરે અદા કરી. કુલ 300 ફિલ્મમાં યાદગાર ભૂમિકા કરી લાખો ચાહકોના દીલ જીતા લીધા. અવસાન બાદ લોકો તેમને યાદ રાખે એવું ઈચ્છતા હોતો કાં તો વાંચવા જેવું લખો અથવા તો લખવા જેવું કામ કરો. ગુજરાતમિત્ર અખબારનું ઈશિતાની એલચીનું આ મહાવાક્ય યાદ રાખવા જેવુ છે. ધર્મેન્દ્ર માટે સબ કી પરવાહ કરનેવાલા ચલા ગયા. અભિનેત્રી આશા પારેખની આ શ્રધ્ધાંજલિ પણ ભુલાય એમ નથી.

**ગોપીપુરા, સુરત- જગદીશ પાનવાલા**

## મોટી કંપનીઓના મોટા દુશ્મન જાણે નાના વેપારીઓ જ છે

કોઈપણ ક્ષેત્રની મોટી કંપનીઓ જે કંપનીઓની જીવા દોરી ખરેખર નાના વેપારીઓ જ છે એ જ શાખ અને ક્રેડિટ ખરાબ કરવાનું કામ એ જ મોટી કંપનીઓ કરતી રહે છે. એ પછી એફએમસી હોય ટેલીકોમ હોય કે પછી ઓટોમોબાઈલ કંપનીઓ હોય તેમના નાના વેપારીઓને એકદમ ઓછા નફે ધંધો કરવા માટે મજબૂર બનાવે છે અને પોતે ઈચ્છે એ પ્રોડક્ટ વેચવા માટે દબાણ બનાવે છેજેમ કે આજ કાલ તેમાં jio ની વાત કરું તો દરેક રિટેલરને રૂ.299 વાળું રિચાર્જ ન કરવા માટે મજબૂર બનાવે છે અને દરેક રિટેલર ગ્રાહકને રૂ.349 વાળું રિચાર્જ કરવા પ્રેરે એવું દબાણ બનાવે છે ન માનનાર રિટેલરનાં ડેમો કાર્ડ બંધ કરી દે છે. જેથી તે રિચાર્જ કરી શકતો નથી, અને પરિણામે ડિસ્ટ્રીબ્યુટર, asm, gsm ને હાથ પગ જોડતો ફરે છે. આપણે ત્યાં નાના વેપારીઓના એસોસિયેશન ગ્રુપો ધીરેધીરે રાજનીતિએ બંધ કરી દીધા અત્યારે નાના વેપારીઓ ઈચ્છે તો પણ એક થઈ શકે તેમ નથી.

**સુરત - ગુમાન ગિરીશ**

## GST ની અસરો

કેન્દ્ર સરકારે જીએસટી માં ઘટાડો કર્યો એ આવકારદાયક વાત છે, વિપક્ષની માંગણી સંતોષવી પડી. આ વાતને આજે બે મહિના થાય છે,ખરું. હવે જાહેરાત બાદ ઉદ્યોગપતિઓ, મેન્યુફેક્ચરર , જીએસટી ઘટાડાનો લાભ પોતાના નફામાં ઘટાડો કરીને ઉત્પાદનને સસ્તી કરી ગરીબ અને મધ્યમ વર્ગ માટે આપે તે ખૂબ જરૂરી છે. કેન્દ્ર સરકારનું જીએસટી કાઉન્સિલનું આ માટેનું મિકેનિઝમ શું કરે છે તે આવનારા નાણાકીય વર્ષ માર્ચ 2026 સુધીમાં સ્પષ્ટ થવું જોઈએ. સામાન્ય મધ્યમ વર્ગને મોંઘવારીથી રાહત થાય એ અત્યંત જરૂરી છે. જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારથી, તેમાં જે બે મહિના પહેલા સુધારો કરવામાં આવ્યો તે દરમિયાન દેશના લોકો પાસેથી 55 લાખ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવેલા છે.

વર્ગની દ્રષ્ટિએ જોવામાં આવે તો 54% ગરીબ 45% સામાન્ય મધ્યમ વર્ગ અને માત્ર ત્રણ ટકા પૈસાદાર વર્ગ ના ખિસ્સામાંથી GST વસૂલવામાં આવ્યા છે, એટલે હવે જવાબદારી ઉદ્યોગપતિઓની તથા ઉત્પાદકોની અને કોર્પોરેટ્સ ની , અને FMCG પ્રોડક્શન કરતી કંપનીઓની છે કે જીએસટી નો ઘટાડો જે છે તેનો સીધો ફાયદો પોતાનો નફો ઘટાડીને લોકોના દૈનિક જીવનમાં વપરાતી વસ્તુઓના ભાવ માં, મોંઘવારીમાં ઘટાડો કરે અને સરેરાશ ભારતીયને રાહત થાય ને તેની બચતમાં વધારો કરવાનું કારણ બને. કેન્દ્ર સરકાર નું જીએસટી કાઉન્સિલ મોનિટરિંગ કરે તો સારું.

**નવસારી - રાજન જોશી**